## અમેરિકા ક્રૂડ ઓઇલના ઉત્પાદનમાં વધારો કરશે, બજારમાં પુરવઠો વધશે

# ટ્રમ્પના આગમનથી ક્રૂડના ભાવ ઘટશે?

### ભારત સહિત વિશ્વના દેશોની આશાઓ નોંધપાત્ર વધી ગઈ : ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટી શકે છે



નવી દિલ્હી, તા.૨૨

ભારત તેની જરૂરિયાતના ૮૦ ટકાથી વધુ ક્રૂડ ઓઈલ આયાત કરે છે. ટ્રમ્પના આગમન પછી અમેરિકન ક્રૂડ ઓઈલ ઉત્પાદનમાં વધારો થશે. જેના કારણે બજારમાં ક્રૂડ ઓઈલનો પુરવઠો વધુ રહેશે. ૨૦ જાન્યુઆરીએ ડોનાલ્ડ ટ્રમ્પના શપથગ્રહણ પછી ફરી એકવાર ભારત સહિત વિશ્વના દેશોની આશાઓ નોંધપાત્ર રીતે વધી ગઈ છે, જે તેમની જરૂરિયાતોના ૭૦ ટકાથી વધુ આયાત કરે છે. આવી સ્થિતિમાં એવું અનુમાન લગાવી શકાય છે કે ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ફરી ઘટી શકે છે.

આ અંગેના સંકેત ઓઈલ મિનિસ્ટર હરદીપસિંહ પુરીએ પણ આપ્યા છે. હકીકતમાં ડોનાલ્ડ ટ્રમ્પના આવ્યા પછી એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે અમેરિકા ફરી એકવાર ક્રૂડ ઓઈલનું ઉત્પાદન વધારશે. જેના કારણે ક્રૂડ ઓઈલનો પુરવઠો વધશે અને કિંમતો નિયંત્રણમાં આવશે. જેના કારણે તે દેશોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટશે, જે તેમની તેલની જરૂરિયાતના ૭૦ ટકાથી વધુ આયાત કરે છે. ચાલો તમને એ પણ જણાવીએ કે દેશના ઓઈલ મંત્રીએ કયા પ્રકારની માહિતી આપી છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળના નવા વહીવટીતંત્રની તેલ અને ગેસ ઉત્પાદનને મહત્તમ બનાવવાની યોજનાઓને ધ્યાનમાં રાખીને ભારતમાં વધુ યુએસ તેલ આવે તેવી શક્યતા છે. પુરીએ અહી વાહન ઉદ્યોગ નિકાય સિયામના એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે ભારતમાં તેલ સપ્લાયર્સની સંખ્યા પહેલાથી જ ૨૭ થી વધીને ૩૯ થઈ ગઈ છે અને જો વધુ તેલ આવશે તો ભારત તેનું સ્વાગત કરશે. પુરીને તેલ અને ગેસ પ્રોડક્શન વધારવાની દિશામાં ટ્રંપ પ્રશાસનના પગલાં વિશે પુછવામાં આવ્યુ ત્યારે તેમણે કહ્યુ જો તમે મને પૂછો કે શું બજારમાં વધુ અમેરિકન ઈંધણ આવવાનું છે, તો મારો જવાબ હા છે. જો તમે કહો છો કે ભારત અને અમેરિકા વચ્ચે વધુ ઈંધણ ખરીદીની પ્રબળ શક્યતા છે, તો જવાબ હા છે.

**ભારતમાં તેલ સપ્લાયર્સની સંખ્યા પહેલાથી જ ૨૭ થી વધીને ૩૯ થઈ ગઈ છે**

સરકાર નવા યુએસ વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી જાહેરાતો પર નજીકથી નજર રાખી રહી છે. તેમણે કહ્યું કે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લેવામાં આવેલા કેટલાક નિર્ણયો અપેક્ષિત હતા અને તેમના પર પ્રતિક્રિયા આપતા પહેલા રાહ જોવાની જરૂર હતી. જોકે પુરીએ ૨૦૧૫ના પેરિસ ક્લાયમેટ એગ્રીમેન્ટમાંથી ખસી જવાના નવી યુએસ સરકારના નિર્ણય પર કોઈ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. અમેરિકા, બ્રાઝિલ, ગુયાના, સુરીનામ અને કેનેડાથી વધુ તેલ આવવા સાથે ભાવમાં ઘટાડાનો સંકેત પણ આપ્યા છે. વાહન ઉત્પાદકોને ભારતીય બજારમાં વધુ ઈથેનોલ મિશ્રણવાળા ફ્લેક્સ ફ્યુઅલ વાહનોની ઉપલબ્ધતા વધારવા જણાવ્યું. દેશ ખૂબ જ ટૂંક સમયમાં ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણનો લક્ષ્યાંક પ્રાપ્ત કરવા જઈ રહ્યો છે, જે નિર્ધારિત સમય કરતાં પાંચ વર્ષ વહેલા હશે.

## ભૂ.પૂ. ગવર્નર રઘુરામ રાજને ચિંતા વ્યક્ત કરી

# વૈશ્વિક વેપારમાં ડૉલરના ઉપયોગ અંગે ટ્રમ્પ દ્વારા ટેરિફ વધારવાની ધમકી

નવી દિલ્હી, તા.૨૨

પદના શપથ લીધા પછી તરત જ, ૪૭માં યુએસ પ્રમુખ ટ્રમ્પે કહ્યું હતું કે, જો અમેરિકા ભારત સહિત વૈશ્વિક વેપારમાં ડૉલરનો ઉપયોગ ઘટાડવાની દિશામાં કોઈ પગલું લેશે તો અમે બ્રિક્સ દેશો પર ૧૦૦ ટકા આયાત ટેરિફ લાદીશું. આ અંગે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને ટ્રમ્પ દ્વારા ટેરિફ વધારવાની ધમકીઓ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ટેરિફ વધારાની યોજનાઓને 'અનિશ્ચિતતાના વિશાળ સ્રોત' કહ્યું હતું જે વૈશ્વિક આર્થિક સ્થિરતાને વિક્ષેપિત કરી શકે છે.

દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) ૨૦૨૫ દરમિયાન મીડિયા સાથે વાત કરતી વખતે રઘુરામ રાજને કહ્યું, મને લાગે છે કે ટેરિફ વધારવાની ટ્રમ્પની ધમકી અનિશ્ચિતતાનો મોટો સ્રોત છે અને બાકીના દેશો માટે અવરોધો ઊભા કરશે. મને નથી લાગતું કે ટ્રમ્પનો આ નિર્ણય અમેરિકાના વહીવટ માટે ફાયદાકારક હશે. અમુક સામાન યુએસની બહાર બનાવવામાં આવે છે, કારણ કે તેને બહાર બનાવવું સસ્તુ છે. સામાન્ય રીતે ટેરિફ લાદીને તેમને યુએસમાં પાછા લાવવાનો પ્રયાસ કરવો કામ કરતું નથી. યુએસ પર ટેરિફ વધારાની અસર સમજાવતા, રઘુરામ રાજને ચીન જેવી મોટી અર્થવ્યવસ્થાનો ઉલ્લેખ કર્યો કહ્યું કે ચીન ઉત્પાદન ખર્ચ ઘટાડવા માટે વિયેતનામ જેવા નાના દેશોમાંથી માલની આયાત કરે છે.

ટેરિફ લાદીને અમેરિકા માલસામાનને યુએસમાં પાછા લાવવાનો પ્રયાસ કરવા માંગે છે તે સામાન્ય રીતે હેતુ મુજબ કામ કરતું નથી. ભૂ.પૂ. ગવર્નરે વધુમાં કહ્યું, જો સાર્વત્રિક ટેરિફ લાદવામાં આવે છે, તો તેઓ અન્ય દેશોમાંથી આયાત બંધ કરી શકે છે, પરંતુ આ તેમને યુએસમાં વધુ કિંમતે ઉત્પાદન કરવાની ફરજ પાડશે. ચીન આવું કેમ કરી રહ્યું છે? આનું એક કારણ છે - તે છે અસરકારક ખર્ચ.

## અટલ એકેડમી દ્વારા સરકારી ઈજનેરી કોલેજ, ભરૂચ ખાતે Online FDP કાર્યક્રમ

ભરૂચ,તા.૨૨

AICTE Training and Learning (ATAL) Academy, નવી દિલ્હી દ્વારા મંજૂર અને કમિશનરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન, ગાંધીનગર, ગુજરાત દ્વારા સમર્થિત એક અઠવાડિયાનો Faculty Development Programme (FDP) ૨૦ થી ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન સરકારી ઈજનેરી કોલેજ, ભરૂચ ખાતે આયોજિત કરવામાં આવ્યો છે. આ FDP ના ઉદઘાટન સમારોહનો આરંભ ૨૦ જાન્યુઆરીના રોજ સાંજે થયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ટેકનિકલ એજ્યુકેશનના J.D. (Estt.) ડૉ.સચિન પરીખ ઉપસ્થિત રહ્યા હતા. સાથે આચાર્ય ડૉ. પ્રદિપ લોઢા, પ્રો. વિશાલ દોષી, FDP કો.ઓર્ડીનેટર ડૉ.આશુતોષ ગિરી Dr. સહિત વિવિધ વિભાગના અધ્યાપકો તેમજ ભાગ લેનાર સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ FDP શૈક્ષણિક, સંશોધનક્ષેત્રના વિદ્યાર્થીઓ, ફેકલ્ટી મેમ્બર્સ અને ઉદ્યોગના વ્યાવસાયિકોમાં માઈક્રોગ્રીડના ઉપયોગ અને તેની એપ્લિકેશન સંદર્ભે જ્ઞાનમાં વધારો થાય.

## નેત્રંગ તાલુકાની પાંચ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી ક્યારે થશે?

# ૩-૪ વર્ષથી ગ્રામ પંચાયતો વહીવટદારના ભરોસે

ભરૂચ,તા.૨૨

રાજ્ય ચૂંટણી આયોગે ૬૬ નગરપાલીકા અને ૩ તા.પંચાયતોમાં સામાન્ય ચુંટણીની જાહેરાતો કરી છે. જેમાં ૧૬ ફેબ્રુઆરી મતદાન અને ૧૮ ફેબ્રુઆરીએ મતગણતરી સાથે ચુંટણી જાહેર કરતા રાજકીય ગલીયારાઓમાં ગરમી આવી ગઈ છે. સાથે સાથે ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં અસનાવી, કોલીવાડા, ચીખલી સજનવાવ અને વિસર્જન થયેલ મોટા માલપુર ગ્રા.પંચાયતની ચુંટણી થશે તેવું જણાઈ રહ્યું હતું. પરંતુ નેત્રંગ તાલુકાની પાંચ ગ્રા.પંચાયતોને ચુંટણી પ્રક્રિયાથી બાકાત રખાતા આદિવાસી વિસ્તારમાં નારાજગી વ્યાપી જવા પામી છે. છેલ્લા ત્રણ-ચાર વર્ષથી આ ગ્રા.પંચાયતોની મુદત પુર્ણ થવા છતાં આજદિન સુધી ચુંટણી યોજાઈ નથી. મતદારો પોતાના મત્તાધિકાર ઉપયોગ કરી શકતા નથી.તેવા સંજોગોમાં તમામ પાંચ ગ્રા.પંચાયતનો વહીવટ માનીતા વહીવટદારોના ભરોસે ચાલે છે. રાજ્ય-કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાનો લાભ છેવાડાના ગામો સુધી પહોંચે અને ગ્રામ્ય વિસ્તારનો વિકાસ થાય તે માટે લાખો કરોડો રૂપિયાની ગ્રાન્ટોની ફાળવણી થાય છે, વિકાસના કામોને મંજુરી અપાઈ છે. પરંતુ નેત્રંગ તાલુકાના પાંચ ગામોમાં વિકાસની ગતિ ધીમી પડી હોય તેવું સ્પષ્ટપણે જણાવી રહ્યું છે, પાંચ ગામનો વિકાસ કેવી રીતે થાય છે તે પણ હાલ તપાસનો વિષય બન્યો છે. ભરૂચ જિલ્લાના જવાબદાર અધિકારીઓ-પદાધિકારીઓ રાજ્ય સરકારમાં રજુઆત કરીને નેત્રંગ તાલુકાની પાંચ ગ્રા.પંચાયતોમાં ચૂંટણી કરાવે તેવી લોકમાંગ ઉઠી છે.

## ગેરકાયદે ખનન કરનારા સામે તંત્ર એક્શનમાં

# રાણીપુરા ખાતે નર્મદાના પટમાં આકસ્મિક તપાસ કરી રૂ. ૬૦ લાખના મુદ્દામાલ કબ્જે



ભરૂચ,તા.૨૨

ભુસ્તરશાસ્ત્રી ભરૂચની સુચના અન્વયે ભુસ્તરવિજ્ઞાન અને ખનીજ કચેરી ભરૂચની ક્ષેત્રિય તપાસ ટીમ દ્વારા ગત રાત્રીનાં રાત્રે ૧૨:૩૦ કલાકે મોજે-રાણીપુરા તા.ઝગડિયા જી.ભરૂચ ખાતેથી પસાર થતી નર્મદા નદી પટ્ટ વિસ્તારમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમ્યાન નર્મદા નદી પટ્ટ વિસ્તારમાં ૦૧ (એક) યાંત્રિક નાવડી તથા ૦૧ (એક) ટાટા હિટાચી મશીન દ્વારા સાદીરેતી ખનીજનું બિનઅધિકૃત ખોદકામ કરી વાહન ટ્રક નંબર-(૧) જીજે-૦૫-બિટી-૪૭૫૨, (૨) જીજે-૦૫-એટી-૩૨૦૧ માં સાદી રેતી ખનીજ ભરીને બિનઅધિકૃત વહન કરવામાં આવતું હોવાથી કુલ-૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ સ્ટેશન ઝગડીયા ખાતે જમા કરવામાં આવેલ છે. તપાસ ટીમનાં સર્વેયર દ્વારા જગ્યા પર બનાવેલ જગ્યામાં સંગ્રહ કરેલ સાદી રેતી ખનીજના જથ્થાની માપણી ઁજી મશીનથી કરી આગળની નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આ ઉપરાંત અગાઉ ગત તારીખ.૨૦/૦૧/૨૦૨૫ નાં રોજ મામલતદાર ઝગડિયા તથા ભુસ્તરવિજ્ઞાન અને ખનીજ કચેરી ભરૂચની ક્ષેત્રિય તપાસ ટીમ દ્વારા સંયુક્ત ટીમ બનાવી ટોઠીદરા ગામ ખાતેથી પસાર થતી નર્મદા નદી પટ્ટ વિસ્તારમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવેલ.

તપાસ દરમ્યાન ૦૧ (એક) હોન્ડાઈ મશીન તથા ૦૨ (બે) યાંત્રિક નાવડીઓ દ્વારા સાદીરેતી ખનીજનું બિનઅધિકૃત ખોદકામ કરતા હોવાનું જણાઈ આવતાં કુલ-૫૦ લાખ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાદી રેતી ખનીજનો સંગ્રહ કરેલ જથ્થાની માપણી કરી આગળની નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારે ભરૂચ ભૂસ્તર વિભાગની કામગીરીથી ભુમાફિયાઓમાં ફફડાટ ફેલાયો છે.

## આછોદ રોડ ઉપર અજાણ્યા વાહનની ટક્કરે ડુંગળીના વેપારીના મોત

ભરૂચ,તા.૨૨

આમોદ નગરની નૂરાનીપાર્ક સોસાયટી ખાતે રહેતા અબ્દુલ મહંમદ પટેલ ઉર્ફે ગોદર ઉ.વ.૫૮ લારીમાં છૂટક ડુંગરી વેચી પોતાનું જીવન ગુજરાન ચલાવતા હતાં તેમજ એકલવાયુ જીવન ગુજારતા હતા. જેઓનું ગતરોજ સવારના સમયે નૂરાનીપાર્ક સોસાયટીમાંથી નીકળી સામે રોડ ઉપર આવેલી ચાની લારી ઉપર ચા પીવા માટે જતાં હતાં ત્યારે કોઈ અજાણ્યા વાહનચાલકે ટકકર મારતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ લારીમાં ડુંગળી લઈને ઘરે ઘરે ફરી ડુંગળી વેંચી પોતાનું જીવન ગુજરાન ચલાવતા હતાં અને એકલવાયું જીવન જીવતા હતાં. આમોદ પોલીસે ઘટના સ્થળે પહોચી કાયદેસરની હાથ ધરી હતી અને તેમનાં મૃતદેહને આમોદ સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવી પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યુ હતું.

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**પ્રોજેક્ટ સુપરવિઝન સર્વિસ એજન્સીની નિમણૂક**

ઇ-ટેન્ડર નં : DyCSTE_Works_BRC_PSSA_01 તારીખ 21/01/2025 ટેન્ડર નંબર : DyCSTE_Works_BRC_PSSA_01 વિભાગ : સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન. એક્ઝિક્યુટિવ: ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર વર્ક્સ, પશ્ચિમ રેલ્વે, વડોદરા. **કાર્ય અને સ્થાન :** પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગમાં S&T વિભાગના વિવિધ સિગ્નલિંગ પ્રોજેક્ટ્સ માટે પ્રોજેક્ટ સુપરવિઝન સેવાઓ પૂરી પાડવા માટે પ્રોજેક્ટ સુપરવિઝન સર્વિસ એજન્સીની નિમણૂક. **કામનો અંદાજિત ખર્ચ :** ₹69330951.84 **ટેન્ડર ફોર્મનો ખર્ચ :** Nil **વિશેષ કાર્યાલય જ્યાં ઈ-ટેન્ડર ખુલશે :** ડેપ્યુટી ચીફ સીએસટીઇ / વર્ક્સ (એસ એન્ડ ટી), બીજો માળ, એનેક્સી બિલ્ડીંગ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, પ્રતાપનગર, વડોદરા - 390 004. **અર્નેસ્ટ મની ડિપોઝિટ :** ₹496700.00 **પૂર્ણતા સમયગાળો :** 24 મહિના **ઓફરની માન્યતા :** ખુલવાની તારીખથી 120 દિવસ **ઈ-ટેન્ડરનો પ્રકાર :** ઓપન ઈ-ટેન્ડર, સિંગલ સ્ટેજ ટુ પેકેટ સિસ્ટમ **પ્રી-બિડ કોન્ફરન્સ તારીખ અને સમય :** 07/03/2025 (15:00 કલાક IST) **ટેન્ડર બંધ થવાની તારીખ :** 03/03/2025 (15:00 કલાક IST) **ટેન્ડર વેબસાઇટ** http://www.ireps.gov.in પર જોઈ શકાશે. 278

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**સહાયક ટ્રાન્સફોર્મરની જોગવાઈ**

**ટેન્ડર નંબર : EL/TRD/Tender/24-25/12R**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન), વડોદરા દ્વારા નીચેના કામ માટે સીલબંધ ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નંબર :** EL/TRD/Tender/24-25/12R **કામનું નામ :** વડોદરા ડિવિઝનના ગેરતપુર સ્ટેશન પર 25 KVA સહાયક ટ્રાન્સફોર્મર અને ઉત્રાન-પાનોલી વિભાગમાં 10 KVA સહાયક ટ્રાન્સફોર્મર અને કેબલિંગ કાર્યની જોગવાઈ. **કામની અંદાજિત કિંમત (રૂ.માં) :** ₹58,46,101.2/- **બિડ સિક્યોરિટી (રૂ.માં) :** ₹1,16,900/- **ટેન્ડર રકમ અને પૂર્ણતા સમયગાળો :** પૂર્ણતા સમયગાળો 12 મહિના **ટેન્ડર સમયપત્રક :** ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય 17/02/2025 બપોરે 15:00વાગ્યે **વેબસાઇટની વિગતો અને સૂચનાનું સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને વિગતવાર માહિતી માટે ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004 **વેબસાઇટ વિગતો:** www.ireps.gov.in 279

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ**
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
**નોંધણીકૃત કાર્યાલયઃ** એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 098.
**CIN No.:** L67120MH2008PLC181833
**શાખા કાર્યાલયઃ** સુરત

L&T Finance

**જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ**

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **"જાહેર ઈ–હરાજી"** થકી **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે ઈ–હરાજી કરવા માગે છે.

| ઋણદાર અને સહ–ઋણદારનું નામ | સંરક્ષિત મિલકતનું સરનામું | લોન અકાઉન્ટ નંબર(રો) | પ્રત્યક્ષ લીધેલો કબજો | બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધ (₹માં) | 07.01.2025ના રોજ કુલ બાકી લેણા | અનામત કિંમત (₹માં) | નિરીક્ષણની તારીખ | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. સર્વાનન રત્નમ રેડ્ડી<br>2. રેડ્ડી સુચીત્રા સર્વાનન | જમીનના ટુકડાં અને ખંડ બધાંનું સરનામુંઃ મૌજે માંજલપુરમાં આવેલી બિન ખેતીની જમીનનો પ્લોટ, આર. એસ. નં. 525/1, ટી. પી. સ્કીમ નં. 19, એફ. પી. નં. 149, જેનું માપ 1315 ચો. મી. થવા જાય છે, જે 'બાલકિશન એપાર્ટમેન્ટ' પૈકી બીજા માળ, ફ્લેટ નં. ડી–201 ખાતે આવેલ છે, જેનો બિલ્ટ–અપ એરીયા 37.30 ચો. મી. છે, બાંધકામનું માપ 37.30 ચો. મી. છે, રજિસ્ટ્રેશન જિલ્લો અને પેટા–જિલ્લો વડોદરા, જિલ્લો વડોદરા.<br>સીમાઓ: પૂર્વે – 18 મીટરનો રોડ; પશ્ચિમે – ફ્લેટ નં. ડી–202; ઉત્તરે – ફ્લેટ નં. ડી–204, બિલ્ડિંગનો ખુલ્લો ભાગ છોડીને; દક્ષિણે – કમ્પાઉન્ડ વોલ બિલ્ડિંગનો ખુલ્લો ભાગ છોડીને | H12658250122045039, H12658250122045039L, H12658250122045039G, H12658030222032926, H12658030222032926L, H12658030222032926G, H12658250222070643/ H12658250222050316 | 26મી ડિસેમ્બર, 2024 | રૂ. 96,135/– | રૂ. 60,50,736.45/– | રૂ. 9,61,350/– | પૂર્વ એપોઈન્ટમેન્ટ સાથે સવારે 10.00થી સાંજે 5.30 સુધી સર્વ કામકાજના દિવસે. | 27.02.2025 બપોરે 12:00 વાગ્યાથી 2:00 વાગ્યા સુધી |

**જાહેર હરાજીના નિયમો અને શરતો**

1. ઈ–હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net/EPROC/under થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજીં ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/બિડરોએ **26/02/2025**ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ–હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફ દ્વારા જાહેર ઈ–હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં "એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ"ને નામે મુંબઈ ખાતે **27/02/2025**ના રોજ 18:00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ–લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, **28/02/2025** ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75% ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ કે વધુ માહિતી માટે હરાજીમાં સંભવિત બોલી લગાવનારાઓ અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે, જેમનું નામ છે – **દિલીપ મિશ્રા, એલ & ટી ફાઈનાન્સ લિમિટેડ, ઈકો કોમર્ઝ કોમ્પલેક્સ, ત્રીજો માળ, 309 થી 311 અને 322 થી 326, જી. ડી. ગોયેન્કા રોડ, સંઘાણી એરાઈઝની સામે, વેસુ, સુરત – 395007 અને સંતોષ તિવારી, એલ & ટી ફાઈનાન્સ લિ., ઑફિસઃ છઠ્ઠો માળ, બિન્દાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કલિના, સીએસટી રોડ, મર્સીડીઝ શોરૂમની પાસે, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – 400 098. સંપર્ક નં. 022–68076666.** ઈ–હરાજીના કોઈપણ તબક્કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યાં વગર અને અગાઉથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર બોલી/ઑફરને સ્વીકારી/નકારી/સુધારો–વધારો/રદ કરી શકે છે અથવા તો તેને પાછી ઠેલી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈપણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ–હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8 (6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ–હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

**તારીખઃ** 23.01.2025
**સ્થળઃ** વડોદરા

સહી/–
**અધિકૃત અધિકારી**
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી

**નોર્થર્ન આર્ક કેપિટલ લિમિટેડ**
**નોંધાયેલ ઓફિસઃ** ૧૦મો માળ, ફેઝ-૧, IIT-મદ્રાસ રિસર્ચ પાર્ક, કનાગામ ગામ, તારામણી, ચેન્નઈ - ૬૦૦૧૧૩, તમિલનાડુ.

**નાણાકીય સંપત્તિની સુરક્ષા અને પુનર્નિર્માણ અને સુરક્ષા હિતના અમલીકરણ (SARFAESI) અધિનિયમ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા સૂચના**

જ્યારે તમે, નીચે આપેલા કોષ્ટકના ફકરા નંબર ૧ માં ઉલ્લેખિત ઉધાર લેનાર, સહ-ઉધાર લેનાર, ગેરેંટર અને ગીરો મુકનારાઓએ તમારી સ્થાવર મિલકત ગીરવે મૂકીને નોર્થન આર્ક કેપિટલ લિમિટેડ પાસેથી લોન મેળવી છે. તમારા બધા દ્વારા કરવામાં આવેલા નિષ્ફળતાના પરિણામે, તમારા લોન ખાતાને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના માર્ગદર્શિકા અનુસાર નોન-પર્ફોર્મિંગ એસેટ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે અને જ્યારે નોર્થન આર્ક કેપિટલ લિમિટેડ SARFAESI એક્ટ હેઠળ સુરક્ષિત લેણદાર છે, અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (અમલીકરણ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચેલા ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૨) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, ૬૦ દિવસની અંદર નોટિસમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે માંગણા નોટિસ જારી કરી છે. તમારા દ્વારા નોર્થન આર્ક કેપિટલ લિમિટેડને ચૂકવવાપાત્ર અને બાકી રકમનું વધુ વિગતવાર વર્ણન નીચેના કોષ્ટકમાં કરવામાં આવ્યું છે. કૃપા કરીને નોંધ લો કે ચુકવણીની તારીખ સુધી ઉપરોક્ત રકમ પર વધુ વ્યાજ અને શુલ્ક પણ લાગુ પડશે.

**૧) અરજદાર/સહ-અરજદારો/જામીનદારો અને ગીરો આપનારાઓના નામઃ**
**(a) શ્રી અજમ રસુલભાઈ મિર્ઝા (ઋણ લેનાર) (b) શ્રીમતી જૈતુનબીબી મિર્ઝા (સહ-ઋણ લેનાર) (C) શ્રી રસુલભાઈ મોહમ્મદભાઈ મિર્ઝા (સહ-ઋણ લેનાર) સરનામુંઃ** બંને ઘર નંબર F-6, સુબેદાર ટેનામેન્ટ, અકોટા પોલીસ લાઈન સામે, અકોટા, વડોદરા, ગુજરાત-૩૯૦૦૨૦ ખાતે રહે છે.
**૨) લોનની વિગતો (વિતરણ/એનપીએ અને નોટિસની તારીખ/બાકી રકમઃ**
(a) લોન એકાઉન્ટ નંબર ૧૫૦૧૮૩૯૦૫૧૧ રૂ. ૨૩,૦૫,૨૬૦ (રૂપિયા ત્રેવીસ લાખ પાંચ હજાર બસો સાઈઠ માત્ર) ની રકમ માટે (b) ૦૩ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ નોન-પરફોર્મિંગ એસેટ, (c) ૧૬ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ માંગણા નોટિસ ૦૯ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ બાકી લેણાં રૂ. ૨૪,૪૮,૦૩૮.૭૩ (રૂપિયા ચોવીસ લાખ અડતાલીસ હજાર આડત્રીસ અને તોત્તેર પૈસા માત્ર) છે, જેમાંઉપરોક્ત રકમ પર કરાર દરે ભાવિ વ્યાજ સાથે આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જ વગેરે.
**૩) સ્થાવર મિલકતનું વર્ણનઃ મિલકતનો તે તમામ ભાગ અને ટુકડા**
સ્થાવર મિલકત પર સ્થિત, ઘર નં. "સુબેદાર ચેમ્બર્સ" તરીકે ઓળખાતી યોજનામાં F/06, પ્લોટ વિસ્તાર ૧૦૦૦.૦૦ ચોરસ ફૂટ એટલે કે ૯૨.૯૦ ચોરસ મીટર, બિલ્ટ અપ વિસ્તાર ૭૦૦.૦૦ ચોરસ ફૂટ એટલે કે ૬૫.૦૩ ચોરસ મીટર, રેવન્યુ સર્વે નંબર ૪૭૦ અને ૪૭૪/૧ પૈકી, શીટ નંબર ૪૭, સિટી સર્વે નંબર ૪૧૨૫ મીટર, મોજે-વડોદરા કસ્બા, નોંધણી પેટા જિલ્લો - વડોદરા ગુજરાત ખાતે સ્થિત છે. **સીમાઓઃ- ઉત્તરઃ**- મકાન નંબર ૪/૫ **દક્ષિણઃ**- મકાન નંબર ૪/૭ **પૂર્વઃ**- સોસાયટી રોડ **પશ્ચિમઃ**- કોમન પ્લોટ.

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ વિગતો મુજબ કુલ રકમ કરાર દરે વ્યાજ અને ચુકવણીની તારીખ સુધીના અન્ય ખર્ચ, ચાર્જ અને આકસ્મિક ખર્ચાઓ સાથે આ નોટિસ પ્રકાશિત થયાના ૬૦ દિવસની અંદર ચૂકવવા માટે આહવાન કરવામાં આવે છે, નિષ્ફળ જશો તો નીચે સહી કરનારને નોર્થન આર્ક કેપિટલ લિમિટેડને બાકી રકમ વસૂલવા માટે ઉપર ઉલ્લેખિત ગીરવે મૂકેલી મિલકત સામે SARFAESI કાયદાની કલમ ૧૩(૪) અને કલમ ૧૪ હેઠળ યોગ્ય કાર્યવાહી શરૂ કરવાની ફરજ પાડવામાં આવશે. વધુમાં, તમને ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૧૩) હેઠળ વેચાણ/ભાડા અથવા અન્યથા ઉપરોક્ત સુરક્ષિત સંપત્તિ તબદીલ કરવાની મનાઈ છે.

**તારીખઃ** ૨૩મી જાન્યુઆરી ૨૦૨૫
**સ્થળઃ** વડોદરા

Sd/-
અધિકૃત અધિકારી
નોર્થર્ન આર્ક કેપિટલ લિમિટેડ

**20 MICRONS® LIMITED**
**CIN:** L99999GJ1987PLC009768
**Regd. Office:** 9-10, GIDC Industrial Estate, WAGHODIA - 391 760. Dist.: Vadodara
**Ph.:** 75748 06350 **E-mail:** co_secretary@20microns.com **Website:** www.20microns.com

**EXTRACT OF STANDALONE AND CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED DECEMBER 31, 2024**

(₹ In Lacs Except EPS)

| Sr. No. | Particulars | Standalone | | | | | | Consolidated | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended | | | Nine Months Ended | | Year Ended | Quarter Ended | | | Nine Months Ended | | Year Ended |
| | | 31-12-2024 (Unaudited) | 30-09-2024 (Unaudited) | 31-12-2023 (Unaudited) | 31-12-2024 (Unaudited) | 31-12-2023 (Unaudited) | 31-03-2024 (Audited) | 31-12-2024 (Unaudited) | 30-09-2024 (Unaudited) | 31-12-2023 (Unaudited) | 31-12-2024 (Unaudited) | 31-12-2023 (Unaudited) | 31-03-2024 (Audited) |
| 01 | Total Income From Operations | 18,597.13 | 20,976.64 | 15,154.53 | 59,649.64 | 48,552.22 | 67,245.00 | 21,465.04 | 24,017.94 | 17,488.90 | 68,538.00 | 56,515.03 | 77,749.29 |
| 02 | Net Profit / (Loss) for the period (before tax and exceptional items) | 1,447.66 | 2,051.59 | 1,342.72 | 5,713.46 | 5,294.74 | 6,974.42 | 1,768.50 | 2,269.19 | 1,537.45 | 6,524.00 | 5,910.94 | 7,838.78 |
| 03 | Net Profit/(Loss) for the period before Tax (after exceptional items) | 1,355.61 | 2,035.09 | 1,342.72 | 5,534.91 | 5,139.18 | 6,818.86 | 1,685.31 | 2,254.04 | 1,539.54 | 6,361.29 | 5,765.81 | 7,698.49 |
| 04 | Net Profit for the period after tax (after Exceptional items) | 1,006.36 | 1,530.05 | 998.40 | 4,163.63 | 3,799.21 | 5,015.30 | 1,292.13 | 1,644.73 | 1,150.54 | 4,727.26 | 4,249.39 | 5,616.03 |
| 05 | Total Comprehensive Income for the period [Comprising Profit for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 1,003.42 | 1,504.03 | 1,006.02 | 4,132.86 | 3,791.62 | 5,632.82 | 1,293.24 | 1,613.36 | 1,153.44 | 4,694.21 | 4,240.64 | 6,242.84 |
| 06 | Equity Share Capital (Face Value of ₹5/- Each) | 1,764.33 | 1,764.33 | 1,764.33 | 1,764.33 | 1,764.33 | 1,764.33 | 1,764.33 | 1,764.33 | 1,764.33 | 1,764.33 | 1,764.33 | 1,764.33 |
| 07 | Earning Per Share (EPS) (of ₹5/- Each) (for continuing and discontinued operations) not annualised | | | | | | | | | | | | |
| | (a) Basic | 2.85 | 4.34 | 2.83 | 11.80 | 10.77 | 14.21 | 3.65 | 4.65 | 3.25 | 13.36 | 12.02 | 15.89 |
| | (b) Diluted | 2.85 | 4.34 | 2.83 | 11.80 | 10.77 | 14.21 | 3.65 | 4.65 | 3.25 | 13.36 | 12.02 | 15.89 |

**Notes:**
1. The financial results for the quarter and nine months ended December 31, 2024 have been reviewed by Audit Committee and approved by Board of Directors at its meeting held on January 22, 2025. The statutory auditors of the Company have carried out limited review of the above unaudited financial results and have issued an unqualified limited review report.
2. Figures for earlier periods have been regrouped, wherever necessary.
3. The above is an extract of the detailed format of the financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The quarterly financial results in the detailed format are available on the websites of BSE and NSE at www.bseindia.com and www.nseindia.com respectively and on the Company's website at www.20microns.com. The same can be accessed by scanning the QR code provided below.

**Place** : Waghodia, Vadodara
**Date** : 22/01/2025

For and on behalf of Board of Directors
**20 Microns Limited**
**Rajesh C. Parikh**
Chairman & Managing Director
**DIN : 00041610**